RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 17* Date: 06.11.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ખોટા વચનો, ખોટી ગેરંટી આપવી એ કોંગ્રેસની જૂની યુક્તિ છેઃ નરેન્દ્ર મોદી

### હંમેશા ફેરવો, લટકાવો, ભટકાવો તે કોંગ્રેસની નીતિ રહી



સોલન,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે હિમાચલ પ્રદેશના પ્રવાસે આવ્યા હતાં પીએમ મોદીએ સુંદરનગરના જવાહર ગ્રાઉન્ડમાં રેલીમાં સંબાધન કરતા કહ્યું કે થોડા દિવસ પહેલા તેઓ મંડી આવવાના હતા, પણ વરસાદને કારણે આવી શક્યા નહોતા. આ માટે તેણે લોકોની માફી માંગી હતા. તેમણે સ્વતંત્ર ભારતના પ્રથમ મતદારના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો.

મોદીએ સંબોધન કરતા વધુમાં કહ્યું હતુ કે જો તમારે સરકાર પાસેથી જવાબદારી જોઈતી હોય તો વધુ એક તક આપો. મોદીએ ભાજપને વધુ એક તક આપવાની અપીલ કરી હતી. તેઓએ કહ્યું કે મારે તમારા માટે કંઈક કરવું છે, મને સેવા કરવાનો મોકો આપો. હું તમારી સેવામાં ક્યારેય પાછળ રહીશ નહીં , પણ જો તમે એવા લોકોને અહીં બેસાડી દેશો જે કામને આગળ જ વધવા નહીં દે તો કામમાં અડચણો આવશે. એટલા માટે અહીં ભાજપની સરકાર બનવો.

આ ચૂંટણીને ખાસ ગણાવતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ૧૨ નવેમ્બરે પડનારો એક-એક મત આગામી ૨૫ વર્ષની વિકાસ યાત્રા નક્કી કરશે. આ માટે સ્થિર સરકાર હોવી તે જરુરી છે. મોદીએ મિશન રિપીટ માટે વારંવાર દવા બદલવાનું ઉદાહરણ આપતા કહ્યું કે આ જ ભુલ આગાઉ હિમાચલમાં થઈ હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ખોટા વચનો આપવા, ખોટી ગેરંટી આપવી એ કોંગ્રેસની જૂની યુક્તિ છે. ખેડૂતોની લોન માફીના નામે કોંગ્રેસ કેવી રીતે જુઠ્ઠુ બોલતી આવી છે, તેનો સાક્ષી આખો દેશ છે.

જયારે દિલ્હી અને હિમાચલમાં ભાજપની સરકાર હતી ત્યારે કામ ઝડપથી ચાલતું હતું. પરંતુ જેમ તેમ કરીને પાંચ આના, પાંચ તેના આ ચક્કરમાં પડ્યા અને કોંગ્રેસીઓ પાછા આવી જતાં તમામ કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી.

પીએમ મોદીએ જણાવ્યું હતું કે આઝાદી બાદ દેશનું પહેલું કૌભાંડ કોંગ્રેસ દ્વારા સંરક્ષણ ક્ષેત્રે આચરવામાં આવ્યું હતું.સંરક્ષણ સોદામાં મસમોટી દલાલી લીધી. કોંગ્રેસે ગંભીર રોગની રસી માટે વર્ષો-વર્ષો સુધી રાહ જોવડાવી હતી. તેમણે કહ્યું હતું કે પૂર્વ કોંગ્રેસ સરકારમાં આવાસ યોજના હેઠળ રાજ્યમાં ૨૦૧૨-૧૭ સુધીમાં ૧૫ મકાનો બનાવવામાં આવ્યા હતા.જયરામ સરકારના કાર્યકાળમાં ૧૦ હજાર ઘરોનું કામ શરૂ કર્યું હતું.ખોટા વચનો આપવા એ કોંગ્રેસની જૂની યુક્તિ રહી છે ખેડૂતોની લોન માફી અંગે કોંગ્રેસ ભૂતકાળમાં ખોટું બોલતી આવી છે.કોંગ્રેસે ૨૦૧૨માં તેના ઢંઢેરામાં આપેલા એકપણ વચનને પૂર્ણ કર્યું નથી. ભાજપ જે કહે છે તેને પૂર્ણ કરવામાં દિવસરાત કામ કરે છે ભાજપે ૩૭૦ હટાવવાનો સંકલ્પ કર્યો હતો, તેને પૂરો કર્યો.ભાજપે રામ મંદિર બનાવવાનો સંકલ્પ કર્યો હતો, તે પૂરો કર્યો. આ દેવભૂમિમાં રામ મંદિર બનાવવાનો ઠરાવ પણ લેવાયો હતો, તેને પૂરો કર્યો. કોંગ્રેસ ૪૦ વર્ષથી દેશના સૈનિકોને વન રેંક વન પેન્શનનું વચન આપી રહી છે, પરંતુ તે પૂર્ણ કરી શકી નથી.ખોટા વચનો આપવા, ખોટી ગેરંટી આપવી એ કોંગ્રેસની જૂની યુક્તિ છે

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હેલિકોપ્ટર સુદરનગરના બીબીએમબી ગ્રાઉન્ડ ખાતે લેન્ડ કરાયું હતુ. અહીંથી વડાપ્રધાન મહારાણા ચોક સુધી રોડ માર્ગે પહોંચ્યા હતા. મહારાણા ચોકથી જવાહર પાર્ક સુધી વડાપ્રધાન મોદીનો રોડ-શો યોજાયો હતો. લોકો હાથોમાં ફુલો લઈને વડાપ્રધાનનું સ્વાગત કર્યુ હતુ.પહેલા તેમના રોડ-શોના આયોજનનું નક્કી નહોતું. આ પહેલા મોદી આજે પંજાબના અમૃતસરમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે ડેરા બિયાસનાં વડા ગુરિન્દર સિંહ ધિલ્લોન સાથે મુલાકાત કરી હતી. ત્યાર બાદ મોદી ડેરાના શ્રધ્ધાળુઓને પણ મળ્યા હતા અને લંગર ઘરની મુલાકાત લીધી હતી.વડાપ્રધાને મંડીના સુંદરનગરના જવાહર પાર્ક ખાતે પણ રેલીને સંબોધી હતી આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી, ભાજપના હોદ્દેદારો,નાગરિકો હાજર રહ્યાં હતાં.

## હિમાચલમાં ભાજપનો મહાજનસંપર્ક, શાહ-નડ્ડા સહિત અનેક દિગ્ગજો ઘરે-ઘરે જશે




હશિમલા,તા.૫

ભારતીય જનતા પાર્ટી એ હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેજ કર્યો છે. આ ચૂંટણી જીતવા માટે ભાજપ ૬ નવેમ્બરે તમામ રાજ્યોની વિધાનસભાઓમાં લગભગ ૨૦૦ સ્થળોએ જનસંપર્ક અભિયાન ચલાવશે. આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા સહિત રાજયના તમામ મોટા નેતાઓ હેન્ડબિલનું વિતરણ કરશે, ઘરે ઘરે જઈને લોકો પાસે વોટ માંગશે. લોક સંપર્કના આ મેગાડ્રાઈવ અભિયાનમાં રાષ્ટ્રીય કક્ષાથી લઈને પન્ના પ્રમુખ સુધીના કાર્યકરો જનસંપર્ક કરશે.

મળતી માહિતી મુજબ, આ જનસંપર્ક અભિયાન તમામ ૬૮ વિધાનસભા ક્ષેત્રોમાં કરવામાં આવશે. આ મેગાડ્રાઈવ એક વિધાનસભા ક્ષેત્રમાં ૪-૬ કલાક ચાલશે અને દરેક વિધાનસભાના દરેક બૂથ પર ૧૫-૨૦ કાર્યકરોનું જૂથ જનસંપર્ક કરશે. આ દરમિયાન આ લોકો કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની પત્રિકાઓ લોકો સુધી પહોંચાડશે. આ સ્ટીકર હેઠળ બેચ, ઉમેદવારનું હેન્ડ બિલ અને વોટ અપીલનો પણ સમાવેશ કરવામાં આવશે.હિમાચલના દરેક શહેરના બજારમાં ઓછામાં ઓછા ૪ સ્થળોએ એક કલાકનો કાર્યક્રમ હશે. આ રીતે દરેક વિધાનસભામાં ૪ કલાકનો કાર્યક્રમ સુનિશ્ચિત કરવામાં આવશે. શહેરી વિસ્તારોમાં યોજાનાર કાર્યક્રમોમાં કેન્દ્ર અને રાજ્યના મોટા નેતાઓ હાજર રહેશે. અરાજકતા ટાળવા માટે કેન્દ્રીય નેતાઓના કાર્યક્રમોમાં ૨૦૦ લોકો અને રાજયના નેતાઓના કાર્યક્રમોમાં ૧૦૦ લોકો હશે. આ મહાન જનસંપર્ક અભિયાનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નગરોટા વિધાનસભામાં સામેલ થશે.

બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા અને મુખ્યમંત્રી જયરામ ઠાકુર શિમલા શહેરી વિધાનસભા મતવિસ્તારના શેર-એ-પંજાબ, મોલ રોડ ખાતે પેપરનું વિતરણ કરશે અને મત માંગશે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર સુજાનપુર વિધાનસભા ક્ષેત્રમાં જનસંપર્ક અભિયાનમાં રહેશે. આ સાથે જ પાલમપુર વિધાનસભા ક્ષેત્રમાં પૂર્વ મુખ્યમંત્રી શાંતા કુમાર જનસંપર્ક અભિયાનમાં સામેલ થશે. પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધૂમલ હમીરપુર વિધાનસભા ક્ષેત્રમાં જનસંપર્ક કરશે.

હિમાચલ પ્રદેશની તમામ ૬૮ વિધાનસભા સીટો પર ૧૨ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થવાનું છે. આ ચૂંટણીના પરિણામ ૮ ડિસેમ્બરે આવશે. હિમાચલમાં ૫૫,૦૭,૨૬૧ મતદારો છે, જેમાંથી ૨૭,૮૦,૨૦૮ પુરુષ અને ૨૭,૨૭,૦૧૬ મહિલા મતદારો છે. તેમાંથી ૧,૮૬,૬૮૧ મતદારો એવા છે જેઓ પ્રથમ વખત મતદાન કરશે. તે જ સમયે, ગત ચૂંટણીમાં ભાજપે ૬૮ વિધાનસભામાં ૪૪ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસ ૨૧ બેઠકો જીતવામાં સફળ રહી હતી.

## રાષ્ટ્રવાદી આદિવાસી નૃત્ય મહોત્સવ : ૧૦ દેશોના ૧૫૦૦ કલાકારોની પ્રસ્તુતિથી છત્તીસગઢ ઝુમી ઉઠયું



રાયપુર,તા.૫

પાટનગર રાયપુરમાં રાજયોત્સવ પર આયોજિત ત્રણ દિવસીય આદિવાસી નૃત્ય મહોત્સવનું રંગારંગ સંપન્ન થયો છે.ત્રણ દિવસ સુધી ચાલેલ આદિવાસી મહોત્સવ કાર્યક્રમમાં દેશ વિદેશથી આવેલા કલાકારોએ મનોમોહક પ્રસ્તુતિથી મન મોહી લીધા હતાં નેશનલ ડાંસ ફેસ્ટિવલના ત્રણ એડિશનમાં ૧૦ દેશોની સાથે દેશભરથી ૧૫૦૦થી વધુ કલાકારોએ ભાગ લીધો હતો એક તરફ દેશના અલગ અલગ રાજયોથી આવેલા કલાકારોએ કાર્યક્રમની ભારે પ્રશંસા કરતા કહ્યું કે આદિવાસી સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનું છત્તીસગઢ સરકારનું આયોજન શાનદાર છે.જયારે વિદેશથી આવેલા કલાકારોએ કહ્યું કે છત્તીસગઢીયા ખુબ સારા છે.

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને આદિવાસી નૃત્ય મહોત્સવના મંચથી કહ્યું કે છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બધેલ રાજયમાં એવા વર્ગને આગળ વધારી રહ્યાં છે જેનું સદીઓથી શોષણ થયુ છે.તેમની સરકાર આદિવાસી,દલિત અને પછાત લોકોને આગળ વધારવાની સાથે જ બધાના વિકાસ માટે કામ કરી રહી છે.

તેમણે કહ્યું કે ઝારખંડ અને છત્તીસગઢમાં એટલી સમાનતા છે કે બંન્ને રાજયોના અનેક એવા ક્ષેત્ર છે જયાં માહિતી લગાવવી મુશ્કેલ છે કે તે વિસ્તાર બંન્ને રાજયોમાંથી કયાં રાજયનો છે. હકીકતમાં ઝારખંડ અને છત્તીસગઢ બંન્ને ભાઇ છે.દરમિયાન છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બધેલે કહ્યું કે આદિમ સંસ્કૃતિ તમામને જોડીને કાર્ય કરે છે.તેને જાળવી રાખવા અને તેની ખુબસુરતીને મોટો ફલક પર બતાવવાના હેતુથી અમે રાષ્ટ્રીય આદિવાસી નૃત્ય મહોત્સવનું આયોજન કર્યું છે.મને એ વાતની ખુશી છે કે આ આયોજનમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગીદારી કરી તેમણે કહ્યું કે અમે દેશના તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આ આયોજન માટે આમંત્રિત કર્યા હતાં.

## કર્ણાટકના બિદરમાં ઓટો રિક્ષા-ટ્રકની સીધી ટક્કરમાં ૭ મહિલાઓના મોત

બેંગ્લુરૂ,તા.૫

બિદરના ચિત્તગુપ્પા તાલુકામાં એક ગામમાં શુક્રવારે મોડી રાત્રે ઓટો રિક્ષા અને ટ્રક વચ્ચેની અથડામણમાં સાત મહિલાઓના મોત થયા હતા અને અન્ય ૧૧ લોકો ઘાયલ થયા હતા. આ મહિલાઓ મજૂર હતી અને કામ પતાવી ઓટો રિક્ષા દ્વારા ઘરે પરત ફરી રહી હતી. બરમલખેડા સરકારી શાળા પાસે ઓટો રીક્ષા ટ્રક સાથે અથડાઈ હતી. પોલીસે જણાવ્યું કે મૃતકોની ઓળખ પાર્વતી (૪૦), પ્રભાવતી (૩૬), ગુંડમ્મા (૬૦), યદમ્મા (૪૦), જગમ્મા (૩૪), ઈશ્વરમ્મા (૫૫) અને રૂકમણી બાઈ (૬૦) તરીકે થઈ છે. રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

પોલીસે જણાવ્યું કે અકસ્માતમાં ઘાયલ થયેલા ૧૧ લોકોમાં બંને વાહનોના ડ્રાઈવર પણ સામેલ છે. ઘાયલો પૈકી બેની હાલત ગંભીર છે. તેમણે જણાવ્યું કે અકસ્માત બેમલખેડા ગામ પાસે થયો હતો. બુડામણહલ્લી ગામમાં રહેતી મહિલા મજૂરો કામ પતાવી પોતાના ઘરે પરત ફરી રહી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ વર્ષે ૧૫ ઓગસ્ટે બિદરમાં જ બીજો મોટો અકસ્માત થયો હતો, જેમાં હૈદરાબાદ-મુંબઈ નેશનલ હાઈવે પર બાંગુર ચેકપોસ્ટ પાસે પાંચ લોકોના મોત થયા હતા. અકસ્માતમાં જીવ ગુમાવનારા એક જ પરિવારના સભ્યો હતા. આ તમામ લોકો હૈદરાબાદના બેગમપેટના રહેવાસી હતા.૧૬ ઓક્ટોબરે કર્ણાટકના હાસનમાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અહીં ટેમ્પો અને કેએમએફ ટેક્કર સામસામે અથડાયા હતા જેમાં નવ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. આસપાસના લોકોએ પોલીસને જાણ કરી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે લોકો ટેમ્પોમાં પણ ફસાઈ ગયા હતા. પોલીસ લોકોને બહાર કાઢીને હોસ્પિટલ લઈ ગઈ પરંતુ કોઈ બચ્યું નહીં. આ તમામ સુબ્રમણ્ય અને હસનંબા મંદિરે દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. પરત ફરતી વખતે, મુલાકાતીઓનો ટેમ્પો અરસિકેર તાલુકાના ગાંધીનગર પહોંચ્યો હતો ત્યારે સામેથી આવી રહેલા કેએમએફ દૂધના વાહન સાથે અથડાયો હતો.

## ચીનથી ભારત ઓછામાં ઓછા ૨૦ વર્ષ પાછળ છે : હાવર્ડના પ્રોફેસર વિક્રમ ગાંધી

### આપણે ભારતને વિશ્વગુરૂ બનતા જોવા ઈચ્છીએ છીએ પરંતુ તેના માટે ખુબ કામ કરવું જરૂરી છે

નવીદિલ્હી,તા.૫

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર વિક્રમ ગાંધીએ એક ટીવી ચેનલના કોન્કલેવના મંચ પરથી ભારતની ઈકોનોમિક ગ્રોથ, કારોબારના હિસાબથી આગામી ૨૦થી ૨૫ વર્ષોમાં ભારતના ભવિષ્ય અને પડકારોથી જોડાયેલ સવાલો પર બેબાકીથી પોતાનો મત રજુ કર્યો હતો.



પ્રો.ગાંધીએ કહ્યું હતું કે ભારતમાં રોકાણની અસીમિત સંભાવનાઓ છે જયાં રોકાણને લઇ લોકોનું વલણ વધ્યું છે પરંતુ આમ છતાં પણ બહારી રોકાણ ભારતની સરખામણીમાં વિયતનામ અને થાઈલેન્ડ જેવા દેશોમાં રોકાણને મહત્વ આપવામાં આવી રહ્યું છે તેમાં કોઈ બેમત નથી કે આગામી દાયકો ભારતનો જ છે પરંતુ ભારતની સામે અનેક પડકારો છે જેનો તેને સામનો કરવાનો છે ભારતને એક વર્ષમાં એક કરોડ નોકરીઓ ક્રિએટ કરવાની જરૂરત છે.

તેમણે કહ્યું કે ભારતનો ચાલુ ખાતા નુકસાન ૧૨૦ અબજ છે તેની સીધો અર્થ છે કે આપણે આવકથી વધુ ખર્ચ કરી રહ્યાં છીએ તેમાં તાકિદે સુધાર કરવાની જરૂરત છે.

બીજો મુદ્દો ગવર્નેસથી જોડાયેલ છે કેન્દ્ર સરકાર સતત પોલિસી બનાવી રહી છે પરંતુ તેને લાગુ કરવામાં મુશ્કેલી છે.નીતિઓને સ્ટેટ સ્તર પર લાગુ કરવામાં આવી રહી છે પરંતુ મોટાપાયા પર આમ નથી એક રિપોર્ટ અનુસાર કેન્દ્રના પચાસમાંથી ફકત ૨૭ પ્રોજેકટને લાગુ ફકત રાજય સ્તર પર કરવામાં આવી રહી છે કેન્દ્ર પોલિસી બનાવી રહ્યું છે પરંતુ લાગુ થઇ રહી નથી આથી રોકાણકારોને પરેશાની થઇ રહી છે.

તેમણે કહ્યું કે ભારતમાં કોઇ પ્રોજેકટ શરૂ કરવામાં ૨૨ અપ્રુવલ લેવા પડે છે આ સીધી જ રીતે ભ્રષ્ટ્રાચારની ફોર્મ્યુલા છે.

પ્રો.ગાંધીએ કહ્યું કે તેમાં કોઇ શક નથી કે ભારતે ગત ચાર વર્ષમાં ગ્રોથ કર્યો છે મેન્યુફેકચરિંગના મામલામાં ભારતની પાસે ખુબ અવસર છે પરંતુ તેનો લાભ તે લઇ શકયુ નથી રોકાણકારણો કંસિસ્ટેંસીને મહત્વ આપે છે પરંતુ ભારત કંસિસ્ટેંસી નથી ના પોલિસીજના અમલમાં અને ન તો અન્ય ક્ષેત્રોમાં આપણે ભારતને વિશ્વ ગુરૂ બનાવવા ઈચ્છીએ છીએ પરંતુ તેના માટે ખુબ કામ કરવાની જરૂર છે તેમણે કહ્યું કે ભારત હજુ ચીનથી ખુબ પાછળ છે ભારત ઓછામાં ઓછામાં ચીનથી ૧૫થી ૨૦ વર્ષ પાછળ છે.

ચીનની ઈકોનોમી ૧૪ ટ્રિલિયન ડોલરની છે તે તાકિદે અમેરિકાને પાછળ છોડી દેશે પરંતુ ભારત હજુ શરૂઆતી સ્તર પર છે ભારતમાં લોકો એક અરબ ડોલર રોકાણની વાત કરે છે પરંતુ ચીનમાં ૨૦ અબજ ડોલરથી ઓછા રોકાણની વાત થતી નથી ભારતે ખુબ વિચારવું પડશે પોતાના દાયરામાંથી બહાર નિકળવું પડશે

ન્યૂઝ ઑફ ગાંધીનગર.

# ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



Nog ..Ss..73
વિષય..પાન ખરે ખરતા પાંદડા
પ્રકાર.. ગદ્ય,
શીર્ષક..ડાળીને ખબર છે.

એક ઝાડ ઉપર ઘણા વર્ષો પછી કૂપણ ફૂટી એની ડાળીઓ મોટી થતી ગઈ એને સરસ કુમળા પાન આવ્યા ઝાડ પોતાની ડાળીઓ અને કુમળા પાનને જોઈ ખુશીમાં પવન સાથે લહેરાતું

ડાળીઓને તો પાદડાંના અવાજમાં

જાણે સંગીત રેલાતું હોય તેવો ભાસ થતો ને ડાળીઓ ઝૂમવા લાગતી,

ડાળીમાં કુમળા પાન હવે ધીરે ધીરે પરિપક્વ થવા લાગ્યા,ને ડાળી એ વાતનો ગર્વ લેતિહોય તેમ એ પણ મોટી થવા લાગી, ધીરે ધીરે એ પરી પક્વ પાન પીળા પડવા લાગ્યા ને એક દિવસ પાનખરની ઋતુમાં એ પીળા પડીગયેલા પાન ડાળીથી તૂટીને નીચે પડી ગયા,ડાળીને એનો અહેસાસ થયો કે આ થળીયા ×ઝાડ× સાથે હું એકલીજ જોડેલી રહી છું મારીશોભા તો મારા પાંદડા હતા જે સમય આવે ખરી પડયા,ત્યારે ઝાડે કહ્યું તું ચિંતા ના કરીશ મારા થળીયામાં બહુ બધી ડાળીઓ છે, કોઈને કોઈ ડાળીમાં ફરી કૂપણ ફૂટશે ફરી નવા પાન આવશે ને આપણે ફરી પાછા પવન સાથે લહેરાઈશું, આ પ્રકૃતિ નો નિયન છે વસંતમાં ડાળીએ કૂપણ ફૂટવાનો ને પાન ખરમાં પાકાથઈ ગયેલા પણ ખરી જવાનો,બસ માણસનું પણ આવુજ છે,નવું જન્મે છે,પરિપક્વ થાય છે ને અંતમાં સમય આવે ખરી જાય છે,

સંસારમાં આ ચક્ર સદીઓથી ચાલતું આવ્યુ છે ને ચાલવાનું છે,પણ આપણને પણ પેલી ડાળીની જેમ આપણા પાદડાં નો મોહ વધારે હોય છે

એટલે ખરવાની ઉંમરે પણ આપણે એ

મોહ નથી છોડી શકતા,એટલેજ આપણે દુઃખી થતા હોઈએ છે. કારણકે આપણને સંસાર ચક્રની ખબર છે, આપણે લાગણીથી જોડાયેલા છીએ ઝાડમાં તો નવી કૂપણ ફૂટશે ,

એવી એને ખાત્રી છે, એટલે એને ખરનો ડર નથી લાગતો,માણસે આજતો શીખવાનું છે કે મારા ગયા પછી મેં વિકસાવેલી ડાળીઓ મારી ડાળીઓ માં પણ નવી કૂપણ ફૂટશેને

મારું નામ રહેશે,જે આવ્યું છે એ જવાનું છે એ નક્કી છે,તો પછી પાન પીળું પડીજાય એની રાહ જોયા વગર જિંદગી ની એક એક ક્ષણે આનદ કરો

જિંદગીને માણીલો કોણજાણે કયું પાન ક્યારે ખરી પડે,
નયના પટેલ.નૈન.

---

NOG સાહિત્ય સરિતા
નંબર : ૧૧૯
શબ્દ : પાનખરે ખરતા પાંદડા અને ફૂલો
પ્રકાર : ગદ્ય
શીર્ષક : સિધ્ધી નું સ્ટેશન
શબ્દો : ૨૫૭

સિધ્ધી નું સ્ટેશન

એક ગામ હતું ગામમાં એક પરિવાર ની બિલકુલ આર્થિક પરિસ્થિતિ કંગાળ હતી. "ગામમાં મેઢો નહીં અને સીમમાં સેઢો નહીં" એવી આ પરિવાર ની સ્થિતી હતી. શિક્ષણ નું પ્રમાણ નહીંવત્ હતું. છોકરો થોડો મોટો થયો ત્યાં મા-બાપે પોતાની આજીવિકા માટે મજબૂર કરી સાથે કામમાં જોતરી દીધો. મજૂરી કરીને માંડ બે ટંકનું પેટીયું રળવા સિવાય કંઈ આર્થિક ઉપાર્જન હતું નહીં. મીઠાના અગરમા ગાત્રો થિજાવી દે તેવી શિયાળાની ઠંડીમાં ઠૂઠવાતા- ઠૂઠવાતા રણમાં કામ કરવાનું અને ઉનાળાના ધોમધખતા તાપમાં કાળઝાળ ગરમીમાં મીઠું કાઢવાનું કામ ચાલતું હતું. તે ઉપરાંત ગામના જમીનદારો ને ત્યાં મજૂરી તો ખરીજ...!!!

આ બાળકે મનોમન વિચાર કર્યો કે આવી ને આવી કાળી મજૂરી ક્યાં સુધી કરીશ...!!!

એક દિવસ ઘરનાને પૂછ્યા વિના તે ગામ છોડીને ચાલતો થયો. એક શહેરમાં ફૂટપાથ પર રાત વિતાવી અને સવારે એક હોટલના માલિક ને કહ્યું કે મને કંઈક કામ મળશે...! હોટલના માલિકે કહ્યું કે સામે એક હોસ્ટેલ ચાલે છે, ત્યાં જઈને કહીશ તો કામ જરૂર મળશે. એ છોકરો ત્યાં ગયો અને કોઈને પૂછ્યું કે હું ગરીબ ઘરનો છું અને મારે મજૂરી જોઈએ છે. ત્યાં ના એક કાકા એ તેને શાંતિથી બધું પૂછી લીધું અને કહ્યું કે જો, સામે રૂમ દેખાય છે ત્યાં જાવ અને ત્યાં કોઈ ભાઈને કહેજે એટલે તને કામ સોંપશે. પેલો બાળક ત્યાં ગયો અને કહ્યું કે મને સામેથી કાકાએ આપની પાસે મોકલ્યો છે. તે છોકરાને સફાઈ નું કામ સોંપ્યું. સફાઈ સ્વચ્છ રીતે કરીને કહ્યું કે બીજું કોઈ કામ આપો. તો તેને ઝાડવાને ગોદ કરી પાણી પાવાનું કામ સોંપ્યું. ગોદ કરીને ઝાડવાને પાણી પાઈને આવી ગયો અને બીજા કામની માંગણી કરી. હોસ્ટેલના માલિક ઘડીભર છોકરા સામે જોઈને કહ્યું કે થોડોક આરામ કર. છોકરાએ કહ્યું કે સાહેબ ધોમધખતા તાપમાં અને શિયાળાની કડકડતી ઠંડીમાં કામ કરતા ત્યારેય થાક લાગતો ન્હોતો. આ કામ તો ટાઢા છાંયડાનુ છે. પેલા હોસ્ટેલના સાહેબે કહ્યું કે તારે ભણવું છે...? પેલા છોકરાએ કહ્યું કે સાહેબ, હવે ભણીને શું કરવાનું...! તું ભણીશ તો તારું જીવન ઉજળું થશે.

સાહેબ, તમે કહો છો એટલે હવે હું ભણવા માટે તૈયાર છું. મને જરુરી માર્ગદર્શન આપતા રહેશો. એ બાળક મજુરી કરતો ગયો અને ભણતો ગયો. તે સરકારી નોકરીમાં લાગી ગયો અને એના જ તાલુકામાં અધિકારી થયો. પોતાના ગામનો અને તાલુકાનો વિકાસ કર્યો. અભણ અને અભ્યાસ છોડી દિધેલા તમામ બાળકોનો સર્વે કરાવીને એક નવી શાળા ઉભી કરી ભણવા લાયક બધાને ભણાવવાની વ્યવસ્થા કરી. કોઈ પણના જીવનમાં પાનખર આવે ત્યારે નાસીપાસ થયા વગર વસંત ખીલશે તેની આશાએ આગળ પ્રગતિ કરતા રહેવું જોઈએ. આશાની એવી ગાડી છે કે જેમાં શ્રધ્ધા ની ટિકીટ લઈને સિધ્ધી ના સ્ટેશને ચોક્કસ પહોંચી શકાય છે.

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી -વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

---

NOG SS NO.0081*
વિષય : પાનખરે ખરતાં પાન
પ્રકાર: પદ્ય
શબ્દો: ૧૦૧
શીર્ષક : રંજ ન કરીએ!

શીત લહર શિશિરની પર્ણોને કંપાવતી,
પીળાંને પાડતી , લીલાંને ધમકાવતી.
પીળાં કદી લીલાં હતાં,એ નવ ભૂલશો,
લીલાં છો તો અમર છો,એવો વહેમ ન પાળશો!
વારા પછી વારો , તારાં પછી મારો,
સૃષ્ટિના તમામ સર્જનનો આ જ છે ધારો .
પાનખરથી શું ડરવું, એ તો છે જ નિયતિ,
એક જાય તો જ અન્યની ?થાય અવની પર ગતિ.
પર્ણો થાય ધરાશાયી,તરુવર લાગે ઉજ્જડ,વેરાન,
દશા વિકટ પંખીઓની થતી,રક્ષણ નવ પામે વિના પાન.
પાનખર તો શીખ માનવ? માટે, યુવાવયે ચેતી જવા માટે,
વસંત તો આવતી જ રહેશે, પાનખરને શણગારવા માટે!
ખુદને મળતા શીખીએ,પર્ણ જેવાં બનીએ,
પાનખરે ખરતાં, હસતાં રહીએ,રંજ ન કરીએ!
#©માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

: અલ્પા મહેતા " એક અહેસાસ "
પ્રકાર - ગદ્ય
વિષય - પાનખર
શિર્ષક - આશા ની છાવણી
કવિતા
NGO -127

આશા ઓ ની છાવણી
કાગળ પર હું લખું કેમ
આ સ્યાહી સૂકાઇ રહી છે
ભાવ થી ભરેલા દિલો માં થી
હવે લાગણી સૂકાઈ રહી છે
મોસમ તો પાનખર ની આવી રહી છે
પણ આ હ્રદયની થી હ્રદય નાં
તાંતળા ઓની ડોર પણ જાણે
ધીરે ધીરે પેડ પૌધો ની જેમ સૂકાઈ રહી છે
કાગળ પર હું લખું કેમ
સ્યાહી સુકાઈ રહી છે
આ ભાવ થી ભરેલા દિલો માં થી
હવે લાગણી સૂકાઈ રહી છે
હરિયાળી તો હેઠે પણ જડે ,
લીલા ઘાસ નાં મેદાન માં
પણ આ હરિયાળી ને પામવા
માણસો ની ઉંચાઈ હવે ઘટી રહી છે
નિરંતર દેખ્યું લીલુંછમ ધરીયાળું
ધરતી કરે પુકારપ
આ સૂકા ઘાસ નાં મેદાન માં
હવે અવરજવર ઘટી રહી છે
કાગળ પર હું લખું કેમ
આપ!!! સ્યાહી સૂકાઈ રહી છે
ભાવ થી ભરેલા દીલો માં થી
હવે લાગણી સુકાઈ રહી છે
પૂછ્યું મે હર એક પૂષ્પ પૂષ્પ ને
કે આ પાનખર કેમ પહોંચી જાય છે???
વેદના થી ઘેરાયેલ રુદીયાં ની આશા નિહાળી
મારા મન ની મોસમ બદલાઇ જાય છે
કીધું એમણે કે
"જાશું તો જ પાછા આવશું
નવા નવા રંગો સાથે વળી પાછા ખીલશું"
આ સાંભળીપ!!!!
ડાળી ડાળી અને મારા મન ની છાવણી માં
એક આશા ની કુંપણ ફૂટી રહી છે .

---

NOG: Nog ss:-0038
વિષયઃ-પાનખર
વીભાગઃ-પદ્ય

---

આવ્યું પાનખર હરિ ગયું હરિયાળી એ વૃક્ષની,
છીનવી સુંદરતા ને જાણે એકલું કરી ગયું એને.
ખરી પડ્યા પાનડા ધરતી ઉપર એના અંગથી,
આવ્યો પવન ઉડાવી ગયો ખુશી એના આંગણની.
છીનવાયું બધું છતાં જાણે હિંમત થી એ ઉભું છે,
કહી રહ્યું પાનખરને જાણે અસ્તિવ મારુ જીવીત છે.
નહીં હારુ હિંમત હું આવશે સુંદરતા પાછી મારી,
પાછા આવશે એ દિવસો જેમાં હતી હરીયાળી મારી.
પાનખર તો આવે ભલે, પાછો આવે વસંત રંગીલો,
ઉતાર ચડાવ આવે જીવનમાં કુદરતનો નિયમ જાણીલો.
શીલાપટેલ 'આકાંક્ષા'

---

: NOG SSN 0089
વિષય -પાનખર
ગદ્ય
શીર્ષક- ખરવા દો
પ્રવિણા કડકિઆ
—

પાનખરમાં ખરતાં પાંદડા નિહાળ્યા છે?

તેમને ખરવાનો રતિભર શોક નથી! એ તો તાજા માંજા થઈ વસંતમાં પૂર બહારથી ખીલવાનું વચન આપતા વિદાય થાય છે.

સમય પાકી ગયો છે. "ખરવા દો".

પાનખરમાં સમય કાઢી , નવોઢા જેવી લાગતી વનરાજી નિહાળજો , તન અને મન બંને ખુશ ખુશાલ થઈ જશે. આ લહાવો છેલ્લા ૪૫ વર્ષથી અમેરિકાની ધરતી પર માણી રહી છું .

હંમેશા બાળકો અને પતિદેવ સાથે " ફોલ કલર" જોવા નિકળતા .બેથી

ત્રણ કલાક સતત ગાડીમાંથી કુદરત
ધરાઈને જોવા મળતી. આવા દ્રશ્ય દર
વર્ષે " પાનખર"માં માણવા મળે.

એના દ્વારા માનવને સંકેત મળે બાળપણ ગયું, જુવાની હાથતાળી દઈને સરી ગઈ. વાનપ્રસ્થ આવી પહોંચ્યું , માનવી હવે વિરામ સ્થળ પર પહોંચવાની તૈયારી કર. જીવનમાં પાનખર આવે તે પહેલાં એવા કર્મ કરતો જા કે ફરી વસંત માણવા મળે !

આ બધિર કાન અને મુંદાયેલા નેત્ર કુદરત પાસેથી શિખવા તત્પર નથી! એને તો બસ " હું કરું તે ખરું ". જુવાનીની બૂરી આદત વિકૃત બનાવે છે. બેફામ બનવું, દારુ અને જુગારની લત.

મિત્રો પાનખરમાં વૃક્ષ પરથી ખરતાં પાન નજદિકથી નિહાળો. તમારી આંખ ખૂલશે. સંઘરી રાખેલી ધનરાશિનો

સદઉપયોગ કરવાની પ્રેરણા મળશે. કુટુંબ અને મિત્ર મંડળને દિલથી ચાહી શકશો.

નાનીશી વાત થોડામાં ઘણું કહી જાય છે. જાગ્યા તયાંથી સવાર .

---

*N.O.G. S.S. No 0102*
નામઃ- 'રતીલાલ વાયડા'
વિષયઃ-પાનખરના ખરતા પાંદડા અને ફૂલો.
પ્રકાર :- કવિતા.
શીર્ષકઃ- 'વૃક્ષને રામરામ.'
રચનાઃ-

આવી પાનખર ઋતુ હે, વૃક્ષ તને રામ રામ.
અમે પાંદડા ફુલો, હતા એક દિન તારા સરતાજ.
આજે પડ્યા ધરતી ઉપર, કોણ પૂછશે ભાવ?
કોઈ કરશે કચરો કોઈ કસબી કરશે ઉદ્ધાર .
સમય આવ્યે હે ,વૃક્ષ તું પણ નવ પલવીત થશે.
તારા ધાવણ ધાવી ,આવશે પાન ફુલ અને ફળો.
વધશે તારી શોભા થશે સૌને આનંદ.
ફૂલો ફળોની મહેક કરશે સૌને મદમસ્ત
હે ,પર્ણો તમે બનજો ,ચારો ઔષધી અને શોભા.
હે, ફૂલો તમે હશો, દેવ ચરણે કે મસ્તકનો હાર બની.
કોઈનો હાર ,કોઈનો સૌભાગ્ય ,વેણી બનીને મહેકજો.
અત્તરની શીશીમા પુરાઈને, કરજો વૃક્ષના ધન ભાગ્ય.
અમે પણ હતા એક દિન હે ,વૃક્ષ તારા પર્ણો ફૂલો.
હવે તને રામ રામ આ તો કુદરતનો પોકાર.
લેખકઃ- રતીલાલ વાયડા
નવી મુંબઈ.૬/૧૧/૨૦૨૨. શનિવાર.

## એનીમલ હેલ્પલાઈન દ્વારા જીવદયાપ્રેમી, મંકી મેન તરીકે ઓળખાતા સ્વપ્રિલ સોની સાથે વેબિનાર



કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા એનીમલ લવર, મંકી મેન સ્વપ્રિલ સોની સાથે વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વપ્રિલભાઈ રીયલ એસ્ટેટનાં વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ ૧૪ વર્ષથી કપિરાજને કેળા, સફરજન, રાસબારી, કચ્છી ખજૂર, જામફળ, કેરી, રીંગણ, બટાકા, ગાજર, રોટલી, બાજરીના રોટલા, કાજુકતરી, સીંગ - ચણા કાજુ, દ્રાક્ષ, બદામ ખવડાવે છે. તે દરરોજ અમદાવાદ નજીક આવેલ ઓડ, વસઈ, ક્યારેક પાવાગઢથી આશરે ૩૦ કિલોમીટર આવેલ (જાંબુઘોડા) જંડ હનુમાન મંદિર અને દર અઠવાડિયે તાપી જિલ્લાના સોનગઢ તાલુકામાં આવેલ ગૌમુખમાં કપિરાજને ભોજન પૂરું પાડે છે.જેનો હજારોમાં ખર્ચ થાય છે છતાં સ્વપ્રિલભાઈ મોટાભાગનો ખર્ચ જાતે જ કરે છે અને ૫ ટકા જેવી તેમને લોકોની મદદ મળી રહે છે. તેમને આ કાર્ય કરવાની પ્રેરણા મીરોલી ગામના રતિકાકા પાસેથી મળી હતી. તે છેલ્લા ૨૫ વર્ષથી જીવદયાની પ્રવૃતિઓ કરે છે. જેમાં ઘાયલ તેમજ બીમાર પશુ -પક્ષીઓનું વિનામૂલ્યે રેસ્ક્યુ કરી અમદાવાદમાં માંડવીની પોળમાં ગીતાબેન રાંભિયા ટ્રસ્ટ, દાણીલીમડામાં આવેલ દાનેવ ટ્રસ્ટ, પાંજરાપોળ આંબાવાડીમાં આવેલ જીવદયા ચેરિટેબલ ટ્રસ્ટ, થલતેજ વન વિભાગમાં વધુ સારવાર અર્થે આપે છે. તેમજ દર ઉનાળામાં પશુ પક્ષીઓને પીવાના પાણીના કુંડા વિનામૂલ્યે વિતરણ કરે છે.સ્વપ્રિલભાઈની રામ ભગવાનની વાનર સેનાને સાચવવાની આ પ્રવૃત્તિને લોકો સુધી પહોચાડવા માટે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન – રાજકોટ દ્વારા વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબીનારમાં સ્વપ્રિલભાઈ પોતાના અનુભવોની વાત કરશે. આ વેબિનાર ૭ નવેમ્બરે, સોમવારનાં રોજ બપોરે ૧૨ વાગ્યે એનીમલ હેલ્પલાઇનનાં ફેસબુક પેઈજ https://www.facebook.com/animalhelplinekarunafoundation પર લાઈવ કરવામાં આવશે. સૌને આ વેબિનારમાં જોડાવવા મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતિક સંઘાણી , રમેશભાઈ ઠક્કર , ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠકકર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠકકર, પારસભાઈ મહેતા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગે વિશેષ માહિતી માટે મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯) અને સ્વપ્રિલભાઈ સોની (મો. ૯૬૩૮૯ ૪૪૨૨૨) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

નહીં
આબરું સચવાઇ ગઇ,
બાંધી મુઠ્ઠી ખોલી નહીં!
ચોપાટબાજી જીતાઇ ગઇ,
કુકરી જુઠ્ઠી ચાલી નહીં.
કટુતા જીભે ફેલાઇ ગઇ,
સાકર મુઠ્ઠી તોલી નહીં.
ભલે કોરી તો કોરી હતી,
ખોરી ચિઠી બોલી નહીં.
ઇચ્છાઓ મુરજાઇ ગઇ,
બંધ ચોલી ખુલ્લી નહીં!!
ભરત વૈષ્ણવ
૦૫.૧૧.૨૦૨૨.# કવિતા




- વિધાનસભાની ચૂંટણી જેમની સામે હાર્યા તેમના હાથે જ હિમાંશુ વ્યાસે પહેર્યો ભાજપનો ખેસ
- કોંગ્રેસના નવા સંગઠનથી નારાજ થઇને રાજીનામુ આપ્યું હોવાની ચર્ચાઓ થઇ રહી
- તેમણે ભાજપમાં જોડાયા બાદ કહ્યું હતું કે હું સંગઠનનો માણસ છું અને સંગઠન જે કામ આપશે તે હું કરીશ

## ચીનનું રોકેટ ભારત અને અમેરીકામાં તૂટી પડવાનો ખતરો :સ્પેસમાં આઉટ ઑફ કન્ટ્રોલ થતા એલર્ટ

વૉશિંગ્ટન,તા.૫

ચીનનું રોકેટ બૂસ્ટર અવકાશમાં બેકાબૂ બની ગયું છે. આ રોકેટ બૂસ્ટર ઝડપથી પૃથ્વીની નજીક આવી રહ્યું છે, જેના કારણે ઘણા દેશો જોખમમાં છે. ચીનના રોકેટ બૂસ્ટરના બેકાબૂ પડવાના કારણે આગામી કેટલાક કલાકોમાં ક્યાંય વિનાશ થવાની ભીતિ છે. નાસાએ આ બેજવાબદારીભર્યા કૃત્ય માટે ચીનને જવાબદાર ઠેરવ્યું છે. સ્પેસ એજન્સીએ કહ્યું કે ચીનના કારણે મોટો ખતરો ઉભો થયો છે અને મોટા નુકસાનનો અવકાશ ઉભો થયો છે. ચીનના સત્તાવાળાઓના બિનઅનુભવને કારણે વિશ્વના ઘણા પ્રદેશોને નુકસાન સહન કરવું પડી શકે છે.

વૈજ્ઞાનિકોનું માનીએ તો ચીનના આ રોકેટના ટુકડાઓ અમેરીકા, ભારત, ચીન, સાઉથ અને ઈસ્ટ એશિયા, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકાના અમુક ભાગોમાં કાટમાળ પડી શકે છે. તો આ ખતરાને જોતા જ સ્પેને તેમના તમામ એરપોર્ટ્સ બંધ કરી દીધા છે. ચીનના આ રોકેટ પર વિશ્વના અવકાશ વૈજ્ઞાનિકોની નજર છે. તેની ઘટતી મુવમેન્ટને સતત વાંચીને એલર્ટ પણ જાહેર કરવામાં આવી રહ્યું છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે ચીનના રોકેટનો કાટમાળ અમેરિકા, ભારત, ચીન, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા સહિત દક્ષિણ પૂર્વ એશિયાના કોઈપણ ભાગ પર પડી શકે છે. કાટમાળ પડવાના ડરથી સ્પેને તેનું એરપોર્ટ પણ બંધ કરી દીધું છે. સ્પેનની છ્રઅએ તેના દેશમાંથી ૨૩ ટન કાટમાળ પસાર થતો જોયો છે.૩૧ ઓક્ટોબરે ચીને રોકેટ લોંગ માર્ચ ૫મ્નું કોર બૂસ્ટર લોન્ચ કર્યું હતું.

## પ્રથમ તબક્કાનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું : આ સાથે જ ચુંટણી પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર,તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું બ્યુગલ વાગી ગયું છે. તારીખો પણ જાહેર કરી દેવામાં આવી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. ચૂંટણી પંચે ૩ નવેમ્બરે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પ્રથમ તબક્કા માટે આજે એટલે કે ૫ નવેમ્બરે નોટિફિકેશન જારી કરવામાં આવ્યું હતું. જ્યારે બીજા તબક્કા માટે નોટિફિકેશન ૧૦ નવેમ્બરે જારી કરવામાં આવશે. ગુજરાતમાં ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. ૮મી ડિસેમ્બરે પરિણામ જાહેર થશે.

પ્રથમ તબક્કા માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૪ નવેમ્બર છે. પ્રથમ તબક્કામાં ફોર્મની ચકાસણી ૧૫ નવેમ્બરે થશે.

૧૭ નવેમ્બર સુધીમાં પ્રથમ તબક્કાના ઉમેદવારો ફોર્મ પરત ખેંચી શકશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરના રોજ યોજાશે. પ્રથમ તબક્કામાં કચ્છ, ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, નર્મદા, રાજકોટ, ભરૂચ, જામનગર, સુરત દ્વારકા તાપી પોરબંદર ડાંગ જુનાગઢ નવસારી ગીરસોમનાથ વલસાડ અને અમરેલીમાં મતદાન મતદાન યોજાશે.

# આહવા-અમદાવાદ એસ.ટી. બસ શિવઘાટમા પલટી : સાત લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી

## જિલ્લાના ડિઝાસ્ટર તંત્ર હાથ ધરી ત્વરિત કામગીરી : કલેક્ટરશ્રીએ ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી

આહવા તાઃ ૫ઃ વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાથી સવારે નવ વાગ્યે ઉપડતી આહવા-અમદાવાદ એસ.ટી.બસને આહવા નજીક શિવઘાટમા અકસ્માત નડ્યો છે.

જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાથી મળેલી વિગતો અનુસાર આહવા ડેપોની આહવા-અમદાવાદ એસ.ટી. બસ નંબર : જી ૧૮ ઢ ૭૯૦૧ આજે સવારે આહવા બસ સ્ટેન્ડથી ૯:૩૦ કલાકે ઉપડી હતી. જેને આહવાથી માત્ર ત્રણ જ કિલોમીટરે શિવઘાટમા અકસ્માત નડ્યો હતો.



જાણવા મળતી વિગતો અનુસાર આ બસ શિવઘાટના વણાંકમા પલટી મારી જતા, આ માર્ગ વાહન વ્યવહાર માટે બન્ધ થવા પામ્યો હતો. સદનસીબે આ બસ પંદરસો ફૂટ ઊંડી ખીણમા ખાબકતા બચી જવા પામી હતી. બસના સાત જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ પહોંચવા સિવાય કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ નથી.

ડાંગ કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાને ઘટનાની જાણ થતા તાબડતોબ ડિઝાસ્ટર મામલતદાર શ્રી અર્જુનસિહજી ચાવડા તથા તેમની ટિમને ઘટના સ્થળે રવાના કર્યા હતા. જ્યાંથી સ્થાનિક પોલીસ, પ્રશાસન, અને પ્રજાજનોની મદદથી ઈજાગ્રસ્ત મુસાફરોને આહવાની સિવિલ હોસ્પિટલમા પહોંચાડી તેમને ત્વરિત સારવાર માટેના નિર્દેશ આપ્યા હતા. કલેક્ટરશ્રીએ પણ સિવિલ હોસ્પિટલમા પહોંચી ઈજાગ્રસ્તોની જાત મુલાકાત લીધી હતી.

પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજાએ આહવા ઘાટ માર્ગ અવરોધતા, વઘઇ થી આહવા વચ્ચેનો વાહન વ્યવહાર ચિકટિયા થી જામલાપાડા માર્ગ પર ડાયવર્ટ કરી, અસરગ્રસ્ત માર્ગ બહાલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

અકસ્માત ગ્રસ્ત બસના ડ્રાયવર શક્તિસિંહ જાડેજા, તથા કન્ડક્ટર ગણપતભાઈ ફરજ પર હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.

નરેન્દ્ર પવાર, ડાંગ

# ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગના ખર્ચ ઓબ્ઝર્વર તરીકે શ્રી અતુલકુમાર પાંડેની નિયુક્તિ કરાઈ

આહવાઃ તાઃ ૫ઃ આગામી તા.૧લી ડિસેમ્બરે યોજાનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ ના પ્રથમ ચરણમા ૧૭૩-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગની યોજાનાર ચૂંટણી સંદર્ભે

ચૂંટણી પંચ દ્વારા ખર્ચ ઓબ્ઝર્વરની નિયુક્તિ કરી દેવામા આવી છે.

ચૂંટણી પંચ દ્વારા ખર્ચ ઓબ્ઝર્વર તરીકે શ્રી અતુલકમાર પાંડેની નિયુક્તિ કરાતા તેમણે તેમની કામગીરીનો, ડાંગ જિલ્લામા પ્રારંભ કરી દીધો છે. જેમનો સંપર્ક નંબર : (૦૨૬૩૧ ) ૨૯૯૪૬૧, તથા મોબાઈલ નંબર : ૬૩૫૪૭૫૫૭૬૪ છે.

આહવાના ફોરેસ્ટ રેસ્ટ હાઉસ ખાતે સવારે ૧૧:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા દરમિયાન ડાંગ જિલ્લાના પ્રજાજનો, રાજકીય પક્ષો, ઉમેદવારો તેમના સમર્થકો વિગેરેને ચૂંટણી ખર્ચ સંબંધિત કોઈ પણ ફરિયાદ કે રજુઆત સંદર્ભે ખર્ચ નિરીક્ષકશ્રીનો સંપર્ક કરી શકે છે. તેમ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાએ એક અખબારી યાદીમા જણાવ્યુ છે.

નરેન્દ્ર પવાર, ડાંગ

# ડાંગ જિલ્લામા જાહેર સુલેહ શાંતિ જાળવવા અર્થે સભા સરઘસબંધી ફરમાવાઈ

આહવા; તા; ૫; ડાંગ જિલ્લામા ૧૭૩-ડાંગ (અ.જ.જા) વિધાનસભાની ચૂંટણી-૨૦૨૨ નો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અન્વયે આગામી તા.૦૧/૧૨/૨૦૨૨ ના રોજ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ચુંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને શાંતીપૂર્ણ વાતાવરણ જળવાઇ રહે તે માટે ફોજદારી કાર્યરીતી અંધિનિયમ -૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા પૂરતું કારણ હોવાતો અભિપ્રાય છે. જે ધ્યાને લેતા ડાંગ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ધર્મેન્દ્રસિંહ જે જાડેજાએ (આઇ.એ.એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ તેમને મળેલ સત્તાની રૂએ આજથી તા ૧૦/૧૨/૨૦૨૨ના રોજ સુધી જિલ્લામા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે, અધિકૃત અને સક્ષમ અધિકારીશ્રી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કે તેથી વધુ શખ્શોએ ભેગા થવુ નહી. સભાઓ ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવુ નહી, જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા સૂત્રો પોકારવા નહી, જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવા ફેલાવી નહી.

વધુમા આ હુકમ નીચેનાઓ પર લાગુ પડશે નહી. ૧). ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમા હોય તેવી વ્યક્તીઓ. ૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યક્તીઓ. ૩) કોઇ લગ્નના વરઘોડાને અથવા દેવળમા પ્રાથના કરતી બોનોફાઇડ વ્યક્તીઓ. ૪) મંદિર, મસ્જિદ અથવા દેવળમા પ્રાથના કરતી બોનોફાઇડ વ્યક્તીઓ. ૫) એસ.ટી.બસમા મુસાફરી કરવા માંગતા વ્યક્તીઓ. ૬) અત્રેથી આપવામા આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગી. આ જાહેરનામુ તા. ૦૩/૧૧/૨૦૨૨ થી ૧૦/૧૨/૨૦૨૨ સુધી ડાંગ જિલ્લાના સમગ્ર વિસ્તારમા અમલ થશે. આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર કોઇપણ વ્યક્તિ ફોજદારી અધિનિયમ — ૧૮૬૦ની કલમ- ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. નરેન્દ્ર પવાર,ડાંગ

# ચૂંટણી નો ચકરાવો..

પ્રદેશ સમિતિ ભાજપ કમલમ ખાતે વિધાનસભાની ચૂંટણી સંદર્ભે આજે ૭૭ બેઠકો બાબતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ તેમજ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ અને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો જોડાયા હતા. આજે સવારે સીઆર પાટીલ દ્વારા પ્રદેશ ભાજપનું ચૂંટણી અંગેનું કેમ્પિયન પોસ્ટકાર્ડથી પ્રજા પોતાનું વેદના અને કોઈપણ સલાહ સૂચનો સરકારી કે બિનસરકારી કહી શકે તેવી પેટીઓ વિધાનસભા વિસ્તારોમાં મૂકવાની શુભ શરૂઆત કરવાનું ઉદ્ઘાટન કરીને પ્રેસમાં માહિતી આપી હતી. તેમણે ભાજપના દિગ્ગજ નેતા જય નારાયણ વ્યાસ બાબતે પ્રશ્ન પૂછાતા જણાવ્યું હતું કે તેમનું રાજીનામું આવ્યું છે અને પાર્ટીએ સ્વીકારી લીધું છે કેમકે પાર્ટી એ તેમને ભૂતકાળમાં કેબિનેટ મંત્રી બનાવ્યા હતા અને હાલમાં તેમની ઉંમર ૭૫ વર્ષ હોવાથી હવે તેમને ચૂંટણીમાં સમાવી શકાય તેમ નથી. કોંગ્રેસના દિગ્ગજ નેતા હિમાંશુ વ્યાસ ભારતીય જનતા પાર્ટીમાં મહિલા પૂર્વ ઉપાધ્યક્ષ વર્ષાબેન દોશીના હાથે ભાજપમાં જોડાયા હતા. કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટણીની તારીખ જાહેર થતાં ૨૪ કલાક બાદ ૪૩ ઉમેદવારોની યાદી બહાર પાડીને અને તેમાં પણ મોટાભાગના નવા ઉમેદવારો લઈને પરિવર્તનનો પવન કોંગ્રેસમાં પ્રથમ ફૂંકાયો તેવી ચર્ચાઓ પ્રજામાં સાંભળવા મળે છે. કેન્દ્રીય લઘુમતી મંત્રી મુક્તાર અબ્બાસના પુત્ર ધારાસભ્ય ની તાત્કાલિક ધરપકડ કરીને તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવી જેની અસરો ભાજપની પ્રદેશ અને રાજ્યની સત્તા ઉપર પડી રહી છે. ભાજપના ટીકીટ વન છૂકો ની દોડધામ જોતા કમલમ થી નિરાશ થઈને પાછા ફર્યા હોય તેવું દેખાઈ આવે છે. ભાજપના ઘણા બધા જુના અને નવા જોડાયેલાઓ માંથી ટિકિટો કપાવીને મોટાભાગનું પરિવર્તન ભાજપના સુપ્રીમો મોદી અને સાલ આવે તો નવાઈ નહીં. કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ઘણા બધા લોકો આ ચૂંટણીમાં ટિકિટ ન મળતા નિરાશ થાય અને અંદરખાને પાર્ટીના લોકોને હરાવે તો નવાઈ નહીં.

આમ આદમી પાર્ટી તરફથી મુખ્યમંત્રીનો ચહેરો ઈશુદાન ગઢવી ને બનાવતા આપ પાર્ટીમાં જે કોઈ ભાજપના કે કોંગ્રેસના લોકો જોડાવાની ઈચ્છા ધરાવતા હશે તેમને પણ આ મુખ્યમંત્રીના ચહેરાથી નિરાશ થઈને હવે આમ આદમી પાર્ટીમાં ટિકિટ નહીં માંગે તેવું પણ ચર્ચાએ રહ્યું છે. કોંગ્રેસની યાદીની ખૂબ મોટા પાયે અસર ભાજપની પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો ઉપર પડી હોય તેવું દેખાય છે અને ૧૮૨ ભાજપના ઉમેદવારો નક્કી કરવામાં ઘણા બધા નાતજાતના સમીકરણો પણ આવી શકે છે. ગત ૨૦૧૭ ની ચૂંટણીમાં ભાજપને ૯૯ સીટો મળી હતી અને હાલમાં ભાજપના શાસનમાં મોટાભાગના નવા નિશાળિયાઓમાં અને જુના ભાજપના લોકોમાં પણ એવો અતિ ઉત્સાહ જોવા મળે છે કે પાટીલ સાહેબના કહેવા પ્રમાણે આપણે ૧૫૦ પ્લસ જીતીને સરકાર બનાવીશું પણ હાલના આમ આદમી અને કોંગ્રેસ ના વાતાવરણમાં પલટો આવતા એવું ક્યાંય લાગતું નથી કે ભાજપ ૧૦૦ પણ વટાવી શકે. આમ આદમીના ઈન્દ્રનીલ રાજ્યગુરુ પોતાની માંગ નહીં સંતોષાથા ફરીથી ઘર વાપસી કોંગ્રેસમાં પ્રવેશ કર્યો છે અને આવતા ની સાથે એવો આક્ષેપ પણ કર્યો છે કે કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી માન ચાર્ટર પ્લેનમાં રૂપિયાના બંડલો લાવીને ગુજરાત આવી રહ્યા છે જોકે આવા જાતજાતના બફાટ ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં જોવા મળશે અને પોલીસ પણ આ બાબતે ૧૭ક થઈ ગઈ હશે કે ચારે બાજુથી ૧૮૨ વિધાનસભામાં ક્યાંય રોકડ રકમ પકડાશે કે કેમ જેની ઉપર પણ ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવ્યો હશે. હા વાંધો નહિ.

# બનાસકાંઠા એલસીબીની ટીમે વાવમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો




બનાસકાંઠા એલસીબી ની ટીમ શનિવારે વાવ ખાતે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખાનગી રાહે મળેલી બાતમી ના આધારે વાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વિદેશી દારૂની બોટલ/પાઉચ નંગ-૧૭૨૩ કી. રૂ. ૧,૬૭,૬૨૧/- નો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી આધારી છે.

# જૂનાગઢઃ પરિક્રમા દરમિયાન વાનરની પજવણી કરવાનો વીડિયો વાયરલ થયો

જૂનાગઢ,તા.૫

જૂનાગઢમાં લીલી પરિક્રમાનો વિધિવત રીતે પ્રારંભ થયો છે, ત્યારે પરિક્રમામાં વાનરની પજવણીની ઘટના સામે આવી છે. ટીખળખોર દ્વારા પૂંછડી પકડી વાનરની પજવણી કરવામાં આવી છે.

ટીખળખોર દ્વારા કરવામાં આવેલી પજવણીનો વીડિયો વાયરલ થયો છે. જેમાં જોઈ શકાય છે કે, સાથી વાનર દ્વારા ટીખળખોરનો સામનો કરવાનો પ્રયાસ કરાયો હતો.



તા.૪-૧૧-૨૦૨૨ કાર્તિક સુદ ૧૧ શુક્રવારે સાંજે તુલસી વિવાહનું આયોજન રાધાકૃષ્ણ મંદિર નારણપુરા ગામ ખાતે યોજાયેલ જેમાં લગ્નમાં તથા દર્શન કરવા સમૂહમાં ગ્રામ જનો,આજુબાજુની સોસાયટી અને ફલેટમાં રહેતા રહીશો તેમજ ટ્રસ્ટી મંડળના સભ્યો કાર્યકર્તાઓએ ઉત્સાહભેર ભાગ લઈ આ પ્રસંગને દિપી ઉઠાવ્યો.

# ગુજરાતમાં એન્ટિ ઈક્રમ્બન્સી નહી પણ વિકાસની લહેરઃ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટિલ

## સમગ્ર વિશ્વ મોંઘવારીના ખપ્પરમાં જ્યારે ભારતમાં તુલનાત્મક રીતે સ્થિતિ સારી

ગાંધીનગર,તા.૫

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલે જણાવ્યું હતું કે ગુજરાતમાં એન્ટિ ઈક્રમ્બન્સી નહી પણ વિકાસની લહેર ચાલી રહી છે. મોંઘવારી, પેટ્રોલ- ગેસના ભાવવધારા અને કોરોનાના મારના સંદર્ભમાં જવાબ આપતા જણાવ્યું હતું કે અમેરિકા, ઈંગ્લેન્ડ અને યુરોપમાં મોંઘવારી ચાર-ચાર દાયકાના ઊંચા સ્તરે છે તેવી સ્થિતિમાં પણ સરકારે મોંઘવારીને નોંધપાત્ર રીતે અંકુશમાં રાખીને લોકોને રાહત આપી છે.

કમલમ ખાતે ભાજપના અગ્રેસર ગુજરાત કેમ્પેઈનને લોન્ચ કરતાં સીઆર પાટિલે જણાવ્યું હતું કે ગુજરાતની પ્રજા વિકાસને વરેલી છે. સરકારના દરેક કાર્યમાં પ્રજાનો સહયોગહોયછે. તેથી જ કેમ્પેઈનમાં પણ અમે ભાજપના સંકલ્પ પત્ર માટે ગુજરાતની પ્રજાનો અભિપ્રાય માંગ્યો છે.

આ માટે લોકો અગ્રેસર ગુજરાતની વેબસાઈટ પર જઈને લોગ ઈન કરીને તેમનો અભિપ્રાય આપી શકે છે અથવા ૭૮ ૭૮ ૧૮૨ ૧૮૨ પર સૂચનો પણ આપી શકે છે. ૧૫ નવેમ્બર સુધી લોકોના સૂચનો મંગાવાશે.

ભાજપ માટે પ્રજાના સૂચનો અને સહયોગ અત્યંત મહત્વનો રહ્યા છે. છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપને જનતા આશિર્વાદ આપી સત્તાની જવાબદારી આપે છે અને ભાજપ સત્તાના માધ્યમથી સેવા કરે છે જેના કારણે ગુજરાતમાં એન્ટી ઈક્રમ્બન્સી નથી. તેની સાથે ગુજરાતની પ્રજા ભાજપને જનાદેશ આપશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યુ હતુ. તેમણે કહ્યું હતું કે વિધાનસભા ચૂંટણીમાં ભાજપ કોઈપણ નેતાના સગાને ટિકિટ આપશે નહીં.

ભાજપ લોકોના સપનાનું ગુજરાત બનાવવાનો પ્રયાસ કરે છે અને આ પ્રયાસમાં પ્રજાનો અણમૂલો સહયોગ છે.

કેટલીય વિપદાઓ વચ્ચે પણ ગુજરાતની પ્રજાએ ભાજપનો સાથ છોડ્યો નથી, કારણ કે ભાજપના પ્રયત્નોને ગુજરાતની પ્રજા બીરદાવે છે. પ્રજાને આપેલા વચનો પૂરા કરવાના અમારા પ્રયત્નો બધાએ જોયા છે. હજી ઘણા વચન પૂરા કરવાના બાકી છે અને તેના માટે જ અમે જનમત જાણવા માંગીએ છીએ. અગ્રેસર ગુજરાત કેમ્પેઈનમાં સૂચના પેટી દરેક તાલુકા મંડળ, દરેક જાહેર સ્થળો પર,ગ્રામ પંચાયતો પર મુકવામાં આવનાર છે અને પોસ્ટ કાર્ડ માધ્યમ થકી ગુજકાતની જનતા તેમના સૂચનો જણાવી શકશે

પાટીલે વધુમાં જણાવ્યું કે, ગત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જે વચનો આપ્યા હતા તેમાં મોટા ભાગના વચનો પૂર્ણ કરવામાં આવ્યા છે તો જે વચનો બાકી છે તે સંકલ્પો પુરો કરવાના પ્રયાસો ચાલુ છે તે સિવાય ભાજપે જે વચનો નથી આપ્યા છતા જનતાની અપેક્ષાને પુર્ણ કરવામા ક્યાંય કચાસ બાકી રાખી નથી. જનતાને આપેલા વચનો ભાજપ હમેંશા પુર્ણ કરે છે અને એટલે જ છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપને જનતા આશિર્વાદ આપી સત્તા આપે છે અને ભાજપ સત્તાના માધ્યમથી સેવા કરે છે જેના કારણે ગુજરાતમાં એન્ટી ઈક્રમ્બન્સી નથી..

# વિપુલ ચૌધરી આપમાં જોડાશે! વીસનગર બેઠક પરથી ચુંટણી લડશે

મહેસાણા,તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી રાજ્યમાં જોરદાર પ્રચાર પ્રસાર કરી રહી છે. છેલ્લા ઘણા સમયથી દૂધસાગર ડેરી સાગર દાણ કૌભાંડ મામલે વિપુલ ચૌધરી કોર્ટના ધક્કા ખાઈ રહ્યા છે, ત્યારે એક મોટા સમાચાર મળી રહ્યા છે. આગામી ૧૫ તારીખે અર્બુદા સેનાનું ચરાડા ગામ ખાતે મહા સંમેલન યોજાવાનું છે.



રાજકારણ સાથે જોડાયેલા સૂત્રો એવું પણ જણાવી રહ્યા છે કે, ચરાડા ગામ ખાતે યોજાનાર અર્બુદા સેનાનું મહા સંમેલનમાં દિલ્હીના સીએમ અને સંયોજક અરવિંદ કેજરીવાલને પણ આમંત્રણ અપાશે.

આ મહા સંમેલનમાં અર્બુદા સેના વિધાનસભાની ચૂંટણીમાં પોતાનું સ્ટેન્ડ નક્કી કરશે. અર્બુદા સેના આપને સમર્થન આપી શકે છે. એટલું જ નહીં, વિપુલ ચૌધરી છઉઁ માં જોડાઈ શકે છે અને વિસનગર બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. એટલું જ નહીં, આજે આમ આદમી પાર્ટીએ ઉમેદવારોની ૧૦મી યાદી જાહેર કરી છે, ત્યારે પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાને જ્યારે અર્બુદા સેના અને વિપુલ ચૌધરી વિશે પુછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું હતું કે, વિપુલ ચૌધરી ઉત્તર ગુજરાતમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. તેઓએ પશુપાલકો માટે ઘણા સારા કામ કર્યા છે, એટલે સ્વાભાવિક છે કે વિપુલ ચૌધરી જેવા વ્યક્તિને ચૂંટણી લડવા માટે ટિકીટ આપવી જોઈએ.

ગોપાલ ઈટાલિયાએ પણ અર્બુદા સેના અને વિપુલ ચૌધરીને આમ આદમી પાર્ટીમાં આવકારવા તૈયાર હોવાનું જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, દૂધસાગર ડેરી સાગર દાણ કૌભાંડ મામલે આજે વિપુલ ચૌધરીને મહેસાણા કોર્ટમાં લવાયા હતા.

વિપુલ ચૌધરીના સમર્થકો કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા.

# આમ આદમી પાર્ટીએ સુરતથી કર્યા પ્રચારના શ્રી ગણેશ, માનગઢમાં કર્યું રેલીનું આયોજન

સુરત,તા.૫

ગુજરાત વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ તમામ પાર્ટીઓના સંભવિત ઉમેદવારો પોતપોતાના વિસ્તારોની અંદર પ્રચાર કરવા માટે કામે લાગી ગયા છે.

ત્યારે આમ આદમી પાર્ટીએ સુરતથી પ્રચારના શ્રી ગણેશ કર્યા છે. આમ આદમી પાર્ટીમાં તાજેતરમાં જ જોડાયેલા પાટીદાર નેતા અલ્પેશ કથીરીયા અને ધાર્મિક માલવીયાએ સુરતના માનગઢ ખાતેથી રેલીનું આયોજન કર્યું હતું અને રેલીનું પ્રસ્થાન કરી મોટી સંખ્યામાં લોકો આ રેલીમાં જોડાયા હતા.

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ૨૦૨૨ના ઈલેક્શનને લઈને ચર્ચાઓ ચાલી રહી હતી. ત્યારે જ પાટીદાર નેતાઓને રિઝવવા માટે તમામ પાર્ટીઓ એક પછી એક દોડ લગાવી રહી હતી. ત્યારે અલ્પેશ કથીરીયા અને ધાર્મિક માલવીયા જે પાસ કન્વીનર તરીકે અત્યાર સુધી કામ કરતા આવ્યા છે અને આ બંને વ્યક્તિઓ અંદરખાને સૌરાષ્ટ્રનું પાટીદાર સમાજનું મોટું નામ ધરાવતા એવા નરેશ પટેલના અંગત ગણવામાં આવે છે. આખરે આ બંને વ્યક્તિઓએ આમ આદમી પાર્ટીમાં જોડાઈ અને ૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં પ્રચારની શરૂઆત કરી છે.

અલ્પેશ કથીરીયા અને ધાર્મિક માલવીયાએ સુરતના એપી સેન્ટર ગણાતા એવા માનગઢ ચોક ખાતેથી પ્રચારની શરૂઆત કરી છે. અહીં મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ આ રેલીમાં જોડાયા હતા. મહત્વની વાત એ છે કે ચર્ચા હાલ ચાલી રહી છે કે, આમ આદમી પાર્ટીમાં અલ્પેશ કથીરીયા વરાછા બેઠક ઉપર લડી શકે છે ત્યારે બીજી બાજુ કોંગ્રેસે પણ પાટીદાર નેતાનું નામ જાહેર કર્યું છે. ત્યારે હવે ત્રીજી પાંખ ભાજપ આ બેઠક ઉપર કોનું નામ જાહેર કરે છે તેના પર તમામ લોકોની નજર મંડરાયેલી છે.

અલ્પેશ કથીરિયા અત્યાર સુધી પાટીદાર નેતા અને પાસ કન્વીનર તરીકે કેટલીક રેલીઓમાં જોવા મળતા હતા. પણ આજે આમ આદમી પાર્ટીના નેતા તરીકે રેલીની અંદર જોડાયા હતા.

અલ્પેશ કથીરિયાએ જણાવ્યું હતું કે, સુરતમાં ઘણો બદલાવ આવશે અને કોંગ્રેસ હોય કે ભાજપના દિગ્ગજ નેતાઓ આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટીમાં જોડાશે એવું પણ નિવેદન આપ્યું હતું.

તો હવે જોવું રહ્યું કે આવનારા દિવસોમાં વરાછા વિધાનસભા બેઠકમાં કઈ રીતે ઉમેદવારીઓ નોંધાય છે અને રાજકીય રંગ જામે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.